Seat No. : _______________

# OE-104

**October-2025**

**B.A., Sem.-VI**

**314 : Gujarati**

**(A : વસંતવિલાસ)**

**Time : 2:30 Hours]** **[Max. Marks : 70**

1. સાહિત્યસ્વરૂપ તરીકેની ફાગુની લાક્ષણિકતાઓ વિગતે વર્ણવો. **14**

**અથવા**

1. ફાગુ સાહિત્યસ્વરૂપનો ઉદ્ભવ અને તેની વિકાસરેખા વિસ્તૃત રીતે આલેખો. **14**

2. 'વસંતવિલાસ'નું એક આદર્શ ફાગુકાવ્ય તરીકે સમગ્રલક્ષી મૂલ્યાંકન કરો. **14**

**અથવા**

2. 'વસંતવિલાસ'માં કવિએ કરેલ પ્રકૃતિનિરૂપણ વિશે વિગતે નોંધ લખો. **14**

3. નીચેનામાંથી ગમે તે **બે** વિશે ટૂંકનોંધ લખો : **14**
   (1) 'વસંતવિલાસ'માંથી પ્રગટતો તત્કાલીન સમાજ
   (2) 'વસંતવિલાસ'ની વસ્તુસંકલના
   (3) 'વસંતવિલાસ'માં શૃંગાર રસનું નિરૂપણ
   (4) 'વસંતવિલાસ'ની અન્યોક્તિઓ

4. (અ) નીચેનામાંથી ગમે તે **એક** ફકરાનું 1/3 જેટલું સંક્ષેપીકરણ કરો : **7**

   (1) 'ખરા બપોર' વાર્તાસંગ્રહમાં કુલ અગિયાર વાર્તાઓ છે, જેમાં ધાડ, ખરા બપોર, સિલિલ, ડેડ એન્ડ, નાગ, ગોપો, જળ, મુક્તિ અને ઈશ્વર વગેરે છે. 'ખરા બપોર' નામની વાર્તામાં રણપ્રદેશમાં બનતી ભૂખથી મૃત્યુની દારૂણ ઘટના આલેખાઈ છે. પુરુષ રણમાં ખાવા માટેનો શિકાર શોધવા જાય છે પણ ખાલી હાથે પાછો ફરે છે. તેની સ્ત્રી એને પડોશીએ આપેલો માંસનો ટુકડો ખાવા કહે છે, તે એને શરમજનક લાગે છે. પતિ-પત્ની ઝઘડે છે. ભૂખ, તાપ ને ક્રોધથી તંગ પરિસ્થિતિમાં એક ફકીર ભીખ માંગવા આવે છે, તેના પર પુરુષ અકળામણ ઠાલવે છે ને એને ખસેડવા માટે લાકડી મારતાં ફકીર મરી જાય છે. ઝૂંપડામાં રુદન ફરી વળે છે.

**અથવા**

(2) આજનું જીવન યંત્રવત્ બની ગયું છે, ગામડાં ભાંગ્યા છે અને પ્રકૃતિને પણ તકલીફ પહોંચી છે. 'હું જગર સંતાન છું, એટલું જ નહિ હું એક ઔદ્યોગિક નગરનું સંતાન છું' એમ પોતાની ઓળખ આપનાર સર્જક નિરંજન ભગત જગર સભ્યતાની સઘળી વિલક્ષણતાઓથી પૂરા પરિચિત છે. તેઓએ મુંબઈ શહેર નિમિત્તે આધુનિક નગરસભ્યતાનું 'પ્રવાલદ્વીપ' શીર્ષક હેઠળનાં નગરકાવ્યોમાં નિરૂપણ કર્યું છે. 'પ્રવાલદ્વીપ' શીર્ષક પ્રતીકાત્મક છે, જે માનવજીવનના નિર્મૂલનનું સૂચક છે. સ્થળ, કાળ અને પાત્રોના નિરૂપણ દ્વારા 'પ્રવાલદ્વીપ' કાવ્ય શ્રેણીમાં મુંબઈની ભૂગોળ વધુ તો ચૈતસિક ભૂગોળ તરીકે પ્રત્યક્ષ બની રહે છે. અહીંનું અત્યારનું નગરજીવન બાહ્ય દૃષ્ટિથી આકર્ષક અને ચળકાટવાળું જણાય છે પણ તે યાંત્રિક, એકવિધ, કૃત્રિમ, છિન્ન-ભિન્ન, વિકૃતિસભર, નિષ્પ્રાણ અને લક્ષ્યહીન છે. અહીં રહેતો માનવ તેનું આગવું વ્યક્તિત્વ જ ગુમાવી બેઠો છે.

4. (બ) નીચેનામાંથી ગમે તે **એક** ફકરાનો સંક્ષેપ કરો : (1/3 ભાગ જેટલો) **7**

(3) કવિ સુંદરમ્ શ્રી અરવિંદના સંપર્કમાં આવ્યા અને શ્રી અરવિંદના પૂર્ણ યોગના સાધક તરીકે 1940ની આસપાસ સાધનાના માર્ગે વળ્યા એ મહત્ત્વની ઘટના ગણાય. ગાંધીદર્શન પછી સુંદરમ્ના જીવનમાં અરવિંદદર્શન એક મહત્ત્વનો મુકામ હતો, એટલે જ સુંદરમ્ના સાહિત્યમાં શ્રી અરવિંદનો પ્રભાવ ખૂબ જણાય છે. ગુજરાતી કવિતામાં શ્રી અરવિંદની મંત્રકવિતાનો પ્રભાવ સુંદરમ્ની 'યાત્રા' નામક કવિતા દ્વારા આવ્યો. એક જુદા જ પ્રકારની કવિતા, અધ્યાત્મભાવની કવિતા જે પાછળથી અન્ય સર્જકોમાં પણ જોવા મળે છે. આ પાર્થિવ જીવનમાં દિવ્યતાના અવતરણ અર્થે સમજપૂર્વકનું જ્ઞાન અને શ્રદ્ધાયુક્ત સક્રિય પુરુષાર્થવાળી ભક્તિ અનિવાર્ય છે. એ બધું તેમની કવિતામાં સ્પષ્ટપણે જોવા મળે છે. તેમણે પોતે ઓળખાવી છે તેમ 'તપોગિરીની એ આનંદયાત્રા' બની રહી છે. આ 'યાત્રા' કાવ્યસંગ્રહમાં જોવા મળતી આધ્યાત્મિક અનુભવની છાંટ ભાવકને અનુભવાય જ છે.

**અથવા**

(4) 'બત્રીસ પૂતળીની વેદના' ઈલા આરબ મહેતાએ રચેલી એવી એક વિશિષ્ટ દૃષ્ટિકોણ અને પ્રયોજનથી લખાયેલી રસપ્રદ નવલકથા છે. જે સમાજમાં પરાક્રમો માત્ર પુરુષોનાં હોય, સિંહાસન ફક્ત પુરુષો માટે હોય.... ત્યાં જો એ પૂતળીઓ પોતાની વેદનાને વાચા આપે તો સર્જાય છે 'બત્રીસ પૂતળીની વેદના'. આ સમસ્યાપ્રધાન નવલકથાની કેન્દ્રગત સમસ્યા નારીજગતની રામાયણકાળથી આજપર્યંત ચાલી આવેલી શાશ્વત વેદના છે. નવલકથાનો મુખ્ય રસ જ વેદનારસ છે. પુરુષપ્રધાન સમાજવ્યવસ્થામાં નારીનું કેવું શોષણ થાય છે, નારીઓ ઉપર પુરુષો કેટલી જોહુકમી, જુલ્મ અને અત્યાચાર ગુજારે છે, નારીઓને તે બધું કેવી રીતે મુંગે મોંએ સહન કરી લેવું પડે છે, જન્મથી મૃત્યુ પર્યંત પિતા, ભાઈ, પતિ કે અન્ય પુરુષ વર્ગ તરફથી કોઈને કોઈ પ્રકારના કેવા-કેવા અન્યાયો વેઠવા પડે છે, તે દર્શાવવા લેખિકાએ આ નવલકથામાં અનુરાધા, વિભાવરી, રેખા, છાયા, બડી અમ્મા, વિનોદિની, ગંગાબાઈ, 'સગુણા સદન'ની બહેનો, રામાયણનાં નારીપાત્રો આદિ અનેક નારીપાત્રો દ્વારા નારીજગતની વ્યાપક, શાશ્વત, ઊંડી અને અતિપ્રબળ વેદનાને જ વાચા આપી છે.

5. યોગ્ય વિકલ્પ પસંદ કરી નીચેના પ્રશ્નોના જવાબ લખો : **14**

(1) 'વસંતવિલાસ'નો કર્તા કોણ છે ?

(a) મુંજ (b) અજ્ઞાત (c) ગુણવંત

(2) 'ફાગુ' શબ્દ કયા સંસ્કૃત શબ્દ પરથી ઉતરી આવ્યો છે ?

(a) फग्गु (b) फग्मु (c) फल्गु

(3) ફાગુમાં મોટેભાગે કઈ ઋતુનું વર્ણન સવિશેષ હોય છે ?

(a) વસંત (b) શિશિર (c) વર્ષા

(4) ફાગુમાં પ્રધાનપણે કયો રસ જોવા મળે છે ?

(a) શૃંગાર (b) વીર (c) કરુણ

(5) 'સિરિથુલિભદ્ર ફાગુ'ની રચના કોણે કરી છે ?

(a) રાજશેખરસૂરિ (b) જંબુસ્વામી (c) જિનપદ્મસૂરિ

(6) 'નેમિનાથ ફાગુ'ના રચયિતા કોણ છે ?

(a) જિનપદ્મસૂરિ (b) રાજશેખરસૂરિ (c) અજ્ઞાત

(7) 'વસંતવિલાસ' કેટલી કડીઓમાં લખાયેલું કાવ્ય છે ?

(a) 82 (b) 84 (c) 86

(8) 'વસંતવિલાસ'ના આરંભે કવિ કોની સ્તુતિ કરે છે ?

(a) ગણપતિ (b) લક્ષ્મીજી (c) સરસ્વતી

(9) મંગલાચરણથી 15મા દુહા સુધી 'વસંતવિલાસ'માં શાનું વર્ણન છે ?

(a) વનશ્રી (b) વસંતવૈભવ (c) પ્રણય રસ

(10) વનરૂપી નગરના રાજા તરીકે કોનું નિરૂપણ છે ?

(a) કામદેવ (b) વસંત (c) ચંદ્ર

(11) 'મકરંદિહી' શબ્દનો શું અર્થ થાય ?

(a) પર્ણનો રસ (b) પ્રણય રસ (c) પુષ્પનો રસ

(12) 'વસંતવિલાસ' ફાગુના પ્રથમ સંપાદક કોણ છે ?

(a) ઉમાશંકર જોશી (b) હરિવલ્લભ ભાયાણી (c) કેશવ હર્ષદ ધ્રુવ

(13) 'વસંતવિલાસ'ની શરૂઆતમાં કવિ કઈ રાત્રિની વાત કરે છે ?

(a) શિવરાત્રિ (b) કાળરાત્રિ (c) કામુક રાત્રિ

(14) 'વસંતવિલાસ'ને ચમક ચમક થતી ચાંદરણીના જેવું કાવ્ય કોણે કહ્યું છે ?

(a) કેશવ હર્ષદ ધ્રુવ (b) ભોગીલાલ સાંડેસરા (c) હરિવલ્લભ ભાયાણી

Seat No. : ______________

# OE-104

**October-2025**

**B.A., Sem.-VI**

**314 : Gujarati**

**(B : આદર્શ એકાંકી)**

**Time : 2:30 Hours]** **[Max. Marks : 70**

1. એકાંકી સાહિત્ય સ્વરૂપની વિભાવના સ્પષ્ટ કરી, તેના લક્ષણોની ચર્ચા કરો. **14**

**અથવા**

1. એકાંકી સાહિત્યના ઉદ્ભવ અને વિકાસની ચર્ચા કરો. **14**

2. 'આદર્શ એકાંકી'ઓમાં પસંદ કરેલ એકાંકીને સ્વરૂપગત લક્ષણોને આધારે ચર્ચા કરો. **14**

**અથવા**

2. 'બાથટબમાં માછલી' અને 'હુકમ માલિક' એકાંકીઓની વિશેષતાઓની ચર્ચા કરો. **14**

3. નોંધ લખો : (ગમે તે **બે**) **14**
   (1) 'કડલાં' એકાંકીમાં સંવાદકલા
   (2) 'અશ્વત્થામા' એકાંકીનું કથાવસ્તુ જણાવો.
   (3) 'માની દીકરી' એકાંકીની પાત્રસૃષ્ટિ
   (4) 'દીકરાની મા' એકાંકીની ભાષાશૈલી

4. સંક્ષેપીકરણ કરો : (ગમે તે **બે**) **14**
   (1) વિદ્યા મેળવવાનો આધાર કેવળ વિદ્યાલય ઉપર જ નથી હોતો; મુખ્યત્વે કરીને વિદ્યાર્થી ઉપર જ હોય છે. ઘણાં વિદ્યાર્થીઓ વિદ્યાલયમાં જાય છે, એટલું જ નહિ ઉપાધિ પણ મેળવે છે, છતાં વિદ્યા પામતા નથી. તે જ પ્રમાણે તીર્થ કરવા તો ઘણાં જાય છે, પણ તીર્થનું સાચું ફળ બધા મેળવી શકતા નથી. જેઓ જોવાની વસ્તુ જુએ નહિ, મેળવવાની વસ્તુ મેળવે નહિ, તેમની વિદ્યા આખર સુધી પોથીમાં જ રહે છે અને ધર્મ બાહ્ય આચરણમાં પુરાઈ રહે છે. તેઓ તીર્થમાં જાય છે ખરા, પણ જવાને તેઓ પુણ્ય માને છે, પામવાને નહિ. તેઓ અમુક જળ અથવા અમુક માટીમાં કોઈ વિશેષ ગુણ રહેલો છે, એમ માને છે. એથી માણસનું લક્ષ્ય ભ્રષ્ટ થાય છે, જે ચિત્તની સામગ્રી છે તેને વસ્તુમાં હાંકી કાઢી તેનો નાશ કરે છે. આખા દેશમાં સાધના માર્જિત ચિત્તશક્તિ જેમ જેમ મલિન થતી ગઈ તેમ તેમ આ નિરર્થક બાહ્યતા વધતી ગઈ તે વાત કબૂલ કરવી જ પડશે.

(2) એક અરીસા ઉપર જો કચરો અને ધૂળ જામી ગયાં તો એમાં આપણું પ્રતિબિંબ જોઈ શકાતું નથી. અજ્ઞાન અને દુષ્ટતા આપણા હૃદયના અરીસા ઉપર કચરા અને ધૂળ સમાન છે. જેમાં આપણે આપણી જાતનો જ સૌથી પ્રથમ વિચાર કરીએ છીએ તે સ્વાર્થીપણું એ મોટામાં મોટું પાપ છે. જે એમ વિચારે છે કે, હું પહેલો ખાઈ લઈશ, હું બીજાઓ કરતાં વધુ ધન મેળવીશ અને બધું મારી પાસે જ રાખીશ, જે એમ વિચારે છે કે, બીજાઓની પહેલાં હું સ્વર્ગે જઈશ, બીજાઓની પહેલાં હું મુક્તિ મેળવીશ, તે મનુષ્ય સ્વાર્થી છે. નિઃસ્વાર્થી મનુષ્ય કરે છે, 'હું છેલ્લો રહીશ, હું સ્વર્ગમાં જવાની દરકાર રાખતો નથી; વળી મે નરકે જવાથી પણ મારા ભાઈઓને હું મદદરૂપ થઈ શકું તો હું નરકે જવા પણ તૈયાર છું.' આ નિઃસ્વાર્થી વૃત્તિ જ ધર્મની કસોટી છે.

(3) માણસને સુધારવો હોય તો સારા વિચારની જરૂર છે, પણ સારા વિચાર ભેગા કરવા કરતા સારી ચીજો ભેગી કરવાનું વલણ હાલના માણસોના મનમાં વધુ દેખાય છે. જેટલી ઝડપથી વિજ્ઞાનની શોધો આગળ વધી રહી છે, એટલી ઝડપથી નીતિ અને સંસ્કાર આગળ વધતાં નથી. હાલના કાળમાં ધર્મની ભાવના ઓછી થયેલી છે, તેથી લક્ષ્ય સાધનને ફળ માની બેસાય છે. સ્વરાજ સાધન છે અને બ્રહ્મજ્ઞાન ફળ છે, તેને બદલે સ્વરાજને ફળ માનવામાં આવે છે. અને સાધનમાં મૂડીવાદને મજૂરીવાદ માનવામાં આવે છે. જો લોકો સત્ય અને અસત્યનો વિચાર ન કરી શકે તો તે દેશનું એક જાતનું કમ ભાગ્ય જ છે.

(4) સમયની મૂડી તો દરેક પાસે સરખી જ હોય છે, પણ તેને ખર્ચવામાં તફાવત હોય છે. એક વ્યક્તિ તેને કરકસરથી યોજનાપૂર્વક વ્યવસ્થિત રીતે ખર્ચે છે, જ્યારે બીજી વ્યક્તિ તેને આડેધડ અને અવિચારીપણે વેડફે છે. પરિણામે એકને સંતોષને સફળતા મળે છે, બીજાને થાક અને નિષ્ફળતા. જે વ્યક્તિને પોતાનો સમય વાપરતાં આવડતું નથી, તેને કશું જ વાપરતા આવડતું નથી. જો તમારી પાસે મર્યાદિત પ્રમાણમાં મૂડી હોય તો તેમાંથી થતી બચત એ જ તમારી મિલકત ગણાય. સમયની બાબત પણ એવી જ છે, તેની બચત એ જ કમાણી છે. નવો સમય કોઈને મળી શકતો નથી. એટલે જે માનવ પોતાના સમયની વધુમાં વધુ બચત કરી શકે, તેની પાસે વધુમાં વધુ સમય જમા થાય. તેની પાસે શક્તિ પણ જમા થાય. સમય અને શક્તિ ભેગાં થાય એ પછી શું ન કરી શકે ? એ ધારે તે કરી શકે.

5. નીચેના પ્રશ્નોમાંથી ગમે તે **સાત** પ્રશ્નોના વિકલ્પમાંથી સાચો જવાબ આપો : **14**

(1) ગુજરાતી સાહિત્યમાં એકાંકી સાહિત્ય સ્વરૂપનો સૌપ્રથમ કયા સાહિત્યકારે પ્રયોગ કર્યો ?

(a) બટુભાઈ ઉમરવાડિયા (b) ચિનુ મોદી

(c) મધુરાય (d) ધીરેન્દ્ર મહેતા

(2) 'બાથટબમાં માછલી' એકાંકી સંગ્રહના સર્જકનું નામ જણાવો.

(a) રમેશ શાહ (b) લાભશંકર ઠાકર

(c) શ્રીકાંત શાહ (d) ચિનુ મોદી

(3) 'કાહે કોયલ શોર મચાવે' એકાંકીની નાયિકાનું નામ જણાવો.

(a) માધવી (b) માલતી

(c) દયા કુંવરી (d) દમયંતી

(4) 'ડાયલનાં પંખી' – એકાંકી કોનું છે ?

(a) ઉમાશંકર જોશી (b) મધુરાય

(c) ચિનુ મોદી (d) જયંતિ દલાલ

(5) "હું આ શ્વાસની રમતમાં હારી ગયો છું" વિધાન કયા સાહિત્યકારે ટાંક્યું છે ?

(a) મધુરાય (b) નિરંજન ભગત

(c) જયંતિ દલાલ (d) ચિનુ મોદી

(6) 'કડલા' એકાંકીમાં ગામના એક બ્રાહ્મણનું પાત્ર કયા નામથી યોજાયું છે ?

(a) હરખો (b) સુખદેવ

(c) દલુચંદ (d) પખો

(7) નંદુ ગોરાણીનું પાત્ર કયા એકાંકીનું છે ?

(a) કડલા (b) માની દીકરી

(c) બારણે ટકોરા (d) દીકરાની મા

(8) અધિકારનું પાત્ર કયા એકાંકીનું છે ?

(a) ફોટોગ્રાફર (b) હુકમ માલિક

(c) સોયનું નાકું (d) અશ્વત્થામા

(9) 'બાથટબમાં માછલી' એકાંકીનું રચના વર્ષ જણાવો.

(a) 1980 (b) 1983

(c) 1985 (d) 1982

(10) 'સોયનું નાકું' એકાંકીમાં અગ્રગણ્ય નાગરિક, જાણીતા ઉદ્યોગપતિ, સુપ્રસિદ્ધ દાનવી અને આપમેળે – આપબળે આગળ આવેલ પાત્ર કોનું છે ?

(a) ભોગીલાલ (b) શેઠ નંદનંદન

(c) ઉત્તમચંદ (d) શ્રી ભાઈસાહેબ

(11) 'અશ્વત્થામાં' એકાંકી કયા પૌરાણિક ગ્રંથનો આધાર લઈને રચના કરવામાં આવી છે ?

(a) રામાયણ (b) ભાગવત

(c) મહાભારત (d) શિવપુરાણ

(12) 'કાહે કોયલ શોર મચાવે' એકાંકી કયા વર્ષમાં રચાયું છે ?

(a) 1993 (b) 1985

(c) 1992 (d) 1982